Friday, August 04, 2006

DIVYA BHASKAR | અમેરિકા-કેનેડા | દિવ્ય ભાસ્કર | 31

# 'અલમેડા સેન્ટરની પ્રવૃત્તિઓને રાષ્ટ્રવ્યાપી બનાવવાની તૈયારી'

*રીતમ ઘોષ* ● ફોર્ડ્સ, ન્યૂ જર્સી

અલમેડા સેન્ટર ફોર રિહેબિલિટેશન એન્ડ કેર ખાતે ચાલતા ઈન્ડિયન પ્રોગ્રામે કેર તેના પ્રથમ વર્ષની ઉજવણી નિમિત્તે ન્યૂ જર્સીના ફોર્ડ્સ ખાતેના રૉયલ આલ્બર્ટ પેલેસમાં એવોર્ડ વિતરણ સમારંભ યોજ્યો હતો. કાર્યક્રમનો પ્રારંભ કામિની શુક્લ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે દર્દીઓ, તબીબો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને સમાજ માટે અલમેડા સેન્ટર જે સેવા આપી રહ્યું છે તેની પ્રશંસા કરી હતી.

ઈન્ડિયન પ્રોગ્રામના સ્થાપક ડૉ. મુકુંદ ઠક્કર અને તેમની પત્ની રમા છે. તેઓએ એક સ્વપ્ન સેવ્યું હતું કે નર્સિંગ હોમમાં આવનારા દર્દીઓને પોતાના વતન જેવો માહોલ પ્રાપ્ત થાય. આ વિચાર સાથે તેઓ અલમેડા સેન્ટરનું સંચાલન કરનાર ગાર્ડન સ્ટેટ હેલ્થ કેર અને તેના સીઈઓ, સીડની ગ્રીનબર્ગર પાસે ગયા હતા. પ્રારંભમાં તેમના વિચારથી તેઓ પ્રભાવિત થયા હતા. પણ સાથોસાથ તેમના મનમાં થોડીક મૂંઝવણ પણ હતી. જો અને તો સાથે શરૂ થયેલા આ કાર્યક્રમને આજે ભવ્ય સફળતા સાંપડી છે. ઉજવણીનો પ્રારંભ ડીવીડી પ્રેઝન્ટેશનથી કરવામાં આવ્યો હતો. જેમાં સેન્ટરના ૫૦ દર્દીઓ અને તેમના રોજિંદા જીવનનો ચિતાર આપવામાં આવ્યો હતો.





ડૉ. મુકુંદ અને રમા ઠક્કર સાથે માઈકેલ નેમેન. જ્યારે બીજી તસવીરમાં એવોર્ડ પ્રાપ્ત કરનાર મહાનુભાવો નજરે પડે છે.

આ તમામ લોકો એકબીજા સાથે મુક્ત મને ચર્ચા કરતા તેમજ મનોરંજનના કાર્યક્રમો માણતા તેમજ ભોજન લેતા દર્શાવવામાં આવ્યા હતા. પ્રેઝન્ટેશનની સાથે સેન્ટરની નર્સો અને ડૉક્ટરોની મુલાકાત રજૂ કરવામાં આવી હતી. જેમાં તમામ લોકોએ સેન્ટરની સફળતાની મુક્ત મને પ્રશંસા કરી હતી. સીઈઓ સીડની ગ્રીનબર્ગરે ત્યારબાદ સેન્ટરના વિસ્તરણ પાછળ તેની સફળતાને જવાબદાર ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે પ્રોગ્રામના પ્રારંભમાં મને થોડીક મૂંઝવણ હોવા છતાં એક વર્ષ બાદ સાબિત થઈ ગયું કે હૃદય અને આત્મા ધારે તે કરી શકે છે. હજુ તો આનો પ્રારંભ છે. અમારી પાસે હ્યુસ્ટન અને એટલાન્ટાથી સેન્ટર શરૂ કરવાનો પ્રસ્તાવ આવ્યો છે. અમે આ કાર્યક્રમને રાષ્ટ્રવ્યાપી બનાવવા તૈયાર છીએ. અલમેડા સેન્ટરના વહીવટદાર માઈકેલ નેમેને જણાવ્યું હતું કે મુકુંદ મારા માટે એક ભાઈ સમાન છે. જ્યારે જ્યારે હું અલમેડા સેન્ટરના ત્રીજા માળની મુલાકાત લઉં છું ત્યારે મારા દાદા-દાદીની વયના લોકો મને પ્રેમભાવની નજરે જુએ છે. આ પ્રસંગે મુકુંદ ઠક્કરે પોતાની માતૃભાષા ગુજરાતીમાં દર્દીઓની સાથે વાતચીત કરી હતી.

આ પ્રસંગે સેન્ટરને આગળ લાવવામાં મદદરૂપ બનેલાઓને પ્રમાણપત્રો અને ટ્રોફીઓ અને મેડલો આપવામાં આવ્યા હતા. માનદ્ મહેમાન તરીકે ઉપસ્થિત ડૉ. સુધીર પરીખ અને એચ.આર.શાહને પણ તેમના પ્રદાન માટે એવોર્ડ આપવામાં આવ્યા હતા. અલમેડા સેન્ટર ખાતે ચાલતો ઈન્ડિયન પ્રોગ્રામ અનોખો છે. અહીંનો સ્ટાફ ભારતીય હોવાથી લોકોને વાતચીત કરવામાં સરળતા રહે છે. દર્દીઓ પોતાની તકલીફ આસાનીથી જણાવી શકતાં હોવાથી તેમની પૂરતી કાળજી લેવામાં આવે છે. અહીં ભારતીય રજાઓ તેમજ ધાર્મિક તહેવારો પણ ઊજવવામાં આવે છે. તદુપરાંત દર્દીઓ માટે પ્રતિદિન તાજું ભોજન બનાવવામાં આવે છે.